ગુજરાત સમાચાર, ગાંધીનગર
પાના નંબર :- ૦૨
તારીખ :- ૦૬/૦૫/૨૦૨૬



### માર્ગ નંબર ૫ બાદ ૪-બીનું કામ શરૂ કરાયું

# રોડ પર રાત્રે સર્જાતાં અકસ્માત નિવારવા ઝળહળતું રોડ ફર્નિશીંગ કરવામાં આવ્યું

ગાંધીનગર, મંગળવાર

પાટનગરમાં મેટ્રો રેલ અને લાઈનો નાંખવાની કામગીરી પુરી થતાં બાકી રહેલા રોડના રિસર્ફેસીંગ શરૂ કરાયા છે. માર્ગ નંબર ૫ બાદ ૪-બીનું કામ પણ શરૂ કરાયું છે. ત્યારે રોડ પર રાત્રી વેળાએ સર્જાતા અકસ્માત રોકવા ઝળહળતું રોડ ફર્નિશીંગ પણ કરવામાં આવ્યું છે. જે અલગ નજારો ઉભો કરે છે. તેમાં સીધા માર્ગો પર ઓવર સ્પિડીંગ વધ્યુ હોવાથી વાહનની લાઈટથી પ્રતિબિંબિત થતાં કેટ આઇ સ્ટડ્સ લગાડવામાં આવ્યાં છે.

## સીધા માર્ગો પર ઓવર સ્પિડીંગ વધ્યુ હોવાથી વાહનની લાઈટથી પ્રતિબિંબિત થતાં કેટ આઈ સ્ટડ્સ લગાડવામાં આવ્યાં

વીઆઈપી સિટી હોવાથી સરકાર દ્વારા શહેરના ૧૪ મુખ્ય માર્ગોને પાટનગર યોજના વિભાગ હસતક જ રાખવામાં આવ્યા છે. ત્યારે ઉનાળો મધ્યાંતરે પહોંચવા પહેલા જ મેટ્રો રેલની કામગીરીના કારણે અને લાઈનો નાંખવાની કામગીરી દરમિયાન ક્ષતિગ્રસ્ત બનેલા માર્ગોનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. તેમાં સજાવટની સાથે સુરક્ષાના મુદ્દા પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. રીસર્ફેસિંગ માટે ઉપરોક્ત કારણોથી જ બાકી રાખવામાં આવેલા રોડ નંબર ૫ અને રોડ નંબર ૪-બીને નવેસરથી ડામર કાર્પેટ કરી દેવામાં આવી છે. સાથે જ વીઆઈપી માર્ગ પણ કહેવાતા રોડ નંબર ૫ પર રાત્રી દરમિયાન વાહન ચાલકોને દિશા નિર્દેશ મળી રહે તેના માટે રોડ પર કેટ આઇ સ્ટ્ડ્સ લગાડવામાં આવ્યા છે. જે લેન અને રોડની કિનારીને ચિન્હીત કરીને દૃશ્યતાને વધારતા હોવાથી અકસ્માતની શક્યતાઓ ખુબ ઘટાડવામાં મદદરૂપ થાય છે.